વર્ષ ૨૦૧૮-૧૯માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને રૂ.૧,૦૦૦/-ના ટોકન દરે આપવામાં આવેલ ટેબ્લેટ અન્વયે જમા થયેલ રકમને Digital Education Development Fund (DEDF)તરીકે ઉપયોગ કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃ-પરચ/૧૦૨૦૧૭/૨૬૯/સ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૦૪/૦૬/૨૦૧૮

વંચાણે લીધા : (૧) તા.૨૪/૦૮/૨૦૧૭ના ઠરાવ ક્રમાંકઃ-પરચ/૧૦૨૦૧૭/૨૬૯/સ.

***<u>પ્રસ્તાવના</u>***

વંચાણે લીધેલા ઠરાવ ક્રમાંક(૧) અન્વયે, રાજ્યના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે જરૂરી માહિતી, ખ્યાતનામ શિક્ષણ સંસ્થાઓના વીડીયો લેક્ચર્સ, સપ્લીમેન્ટરી ક્વીઝ તેમજ Massive Online Open Courseware(MOOC) ઇત્યાદી મારફત નિયમિત શિક્ષણમાં મૂલ્યવર્ધન થઈ શકે તે માટે સ્નાતક/ડીપ્લોમાના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને ટોકન દરે ટેબ્લેટ આપવાની યોજના અમલમાં મુકાયેલ છે. વધુમાં, વિદ્યાર્થીઓ માટે Digital Education ની જરુરિયાતો ધ્યાને લઇ રાજ્ય સરકાર દ્વારા Digital Education Development Fund (DEDF)ની રચના ઉપરોક્ત વંચાણે લીધેલ ઠરાવ અન્વયે કરવામાં આવેલ છે અને તે અન્વયે સરકારી કોલેજો તેમજ યુનિવર્સિટીઓ ખાતે NAMOWI-FIની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. ઠરાવની જોગવાઈ અનુસાર DEDFનો ઉપયોગ પ્રથમ તબક્કે સરકારી સંસ્થાઓ/યુનિવર્સિટીઓ માટે જ કરવાનું ઠરાવાયેલ છે. રાજ્યમાં આવેલ અનુદાનિત કોલેજો રાજ્ય સરકારના અનુદાન થકી ચાલતી હોઈ અને અનુદાનિત કોલેજોમાં વિદ્યાર્થીઓ માટે ફીના ધોરણો પણ સરકારી સંસ્થાઓની જેમ ઓછા હોઈ અનુદાનિત કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ DEDF હેઠળ WI-FI સુવિધાનો લાભ આપવા બાબત સરકારશ્રીના સક્રિય વિચારણા હેઠળ હતી.

***<u>સુધારા ઠરાવ</u>*** ·

પુખ્ત વિચારણાને અંતે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગ હેઠળની અનુદાનિત કોલેજો પૈકી ૪૦૦ કે તેથી વધુ ટેબ્લેટ મેળવેલ હોય તેવી પરિશિષ્ટ-૧માં દર્શાવેલ ૧૧૧ અનુદાનિત સંસ્થાઓ ખાતે NAMOWI-FI સુવિધા ઉપલબ્ધ કરાવવાની આથી મંજુરી આપવામાં આવે છે. જે અનુસાર સંસ્થા દીઠ એક હોટ-સ્પોટ, અનુશાંગિક હાર્ડવેર તથા ઈન્ટરનેટ લીઝડ લાઈન પેટે પ્રથમ વર્ષે રૂ.૩.૯૧ લાખ અને ત્યાર પછીના ચાર વર્ષ માટે ઈન્ટરનેટ લીઝડ લાઈનના રૂ.૮.૬૪ લાખ

Scanned by CamScanner

મળી પાંચ વર્ષ માટે કુલ રૂ.૧૨.૫૫ લાખ લેખે ૧૧૧-અનુદાનિત કોલેજો માટે કુલ રૂ.૧૩.૯૩ કરોડના ખર્ચે NAMOWI-FI ની આ સુવિધા અગાઉ જે પ્રમાણે BSNL મારફતે સરકારી કોલેજો ખાતે કાર્યરત કરાયેલ છે તે જ ધોરણે BSNL મારફતે કરાવવાની રહેશે. વંચાણે લીધેલ મુળ ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીના તા.૧૮/૦૫/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એમ.આર.ચૌહાણ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન.નાયબ મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (કૃષિ,સહકાર અને પશુપાલન) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય
- માન. રા.ક. મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (આરોગ્ય) આરોગ્ય વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ઉચ્ચ અને ટેક. શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ખેતી, સહકાર) કૃષિ, સહકાર અને પશુપાલન વિભાગ સચિવાલય
- સચિવશ્રી, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, કે.સી.જી., અમદાવાદ
- ડાયરેક્ટરશ્રી, નેશનલ ઇન્ફર્મેટીક્સ સેન્ટર (એન.આઇ.સી.), ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટશાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ના.સે.અધિ. સિલેક્ટ ફાઈલ.

Scanned by CamScanner